ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

DST Department of Science & Technology, Government of Gujarat

Gujarat Council on Science and Technology, Government of Gujarat

**Phone** : 0278-2570111 **WhatsApp** : 8866570111 **Email** : krcscbvn@gmail.com **Website** : www.krcscbhavnagar.org

અખબાર યાદી આપના/ની પ્રસિદ્ધ અખબાર/ચેનલમાં પ્રકાશિત કરવા વિનંતી.

Date :01st July, 2019

પ્રતિ,

તંત્રી શ્રી,

.............................................................................., ભાવનગર.

## ધોરણ ૮, ૯ અને ૧૦ના વિદ્યાર્થીઓ માટે 'આવર્ત કોષ્ટકના રસાયણિક તત્વો : માનવકલ્યાણ પર થતી અસરો' વિષય પર યોજાશે જીલ્લા કક્ષાનો સાયન્સ સેમીનાર

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (GUJCOST), ગાંધીનગર દ્વારા દર વર્ષે વિજ્ઞાન સંબંધિત વિવિધ વિષયો આધારિત પ્રથમ જીલ્લા કક્ષાએ અને ત્યારબાદ રાજ્ય કક્ષાએ કાર્યક્રમો યોજવામાં આવે છે. જેનો મુખ્ય હેતુ શાળાઓના વિદ્યાર્થીઓમાં રહેલા વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણને ખીલવવાનો છે. જેના ભાગ રૂપે દર વર્ષની જેમ આ વર્ષે પણ નેશનલ સાયન્સ સેમીનાર – ૨૦૧૯નું આયોજન પ્રથમ જીલ્લા કક્ષાએ ત્યારબાદ રાજ્ય કક્ષાએ થનાર છે.

ભાવનગર જીલ્લામાં જીલ્લા કક્ષાના નેશનલ સાયન્સ સેમીનાર-૨૦૧૯નું આયોજન કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર પ્રેરિત અને ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર માન્ય કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા આગામી ઓગસ્ટ ૨૦૧૯ મહિનામાં 'આવર્ત કોષ્ટકના રસાયણિક તત્વો : માનવકલ્યાણ પર થતી અસરો' ('Periodic Table of Chemical Elements: Impact on Human Welfare') વિષય પર યોજવામાં આવશે.

ઉપરોક્ત સેમીનારમાં ઉચ્ચતર પ્રાથમિક શાળામાંથી ધોરણ ૮, અને માધ્યમિક શાળામાંથી ૯ અને ૧૦ માંથી એક (૧) વિદ્યાર્થી ભાગ લઇ શકશે. આ સ્પર્ધામાં સ્પર્ધક ઉપરોક્ત વિષય સબંધિત પોતાના છ (૬) મીનીટના વક્તવ્યમાં ચાર્ટ, નકશા સ્લાઈડ (PPT) વગેરે દ્રશ્ય સાધનોનો ઉપયોગ કરી શકશે.

આ સાયન્સ સેમીનારમાં ભાગ લેવા ઈચ્છતી શાળાએ ભાગ લેનાર વિદ્યાર્થીનું નામ, ધોરણ તથા માર્ગદર્શક શિક્ષકનું નામ, શિક્ષક / આચાર્યનો મોબાઈલ નંબર અને ઈ-મેઇલ સહિતની વિગતો તા.૨૫.૦૭.૨૦૧૯ને ગુરુવારના રોજ સાંજના ૬:૦૦ સુધીમાં http://krcscbhavnagar.org/programsdetail.aspx?id=82 પર અથવા ઈ-મેઈલ (krcscbvn@gmail.com) અથવા WhatsApp (88 66 570 111) અથવા રૂબરૂ શાળાના લેટર હેડ પર લખી કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, 'વિજ્ઞાન ભવન', પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ, પંજાબ નેશનલ બેંક વાળી ગલી, હિલ ડ્રાઈવ, ભાવનગર ખાંતે રૂબરૂ, દ્વારા ફરજીયાત નોંધણી કરવી લેવા જણાવ્યું છે.

1-7-19
5 pm
(હર્ષદ જોષી)

કો-ઓર્ડીનેટર,

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,

ભાવનગર.

D:/2019-20//All Letter and Press Note 2019-20 /Press of KRCSC FL 2019-20